આજે ડભોડિયા હનુમાનજી મંદિરે પાંચ હજાર કિલો તેલનો અભિષેક

ગાંધીનગર,તા. ૧૭

આવતીકાલે કાળી ચૌદશને લઇ રાજયભરના હનુમાનજી મંદિરોમાં મહાઆરતી, યજ્ઞ-હવન સહિતના ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લાના ડભોડા ખાતેના

સુપ્રસિધ્ધ ડભોડિયા હનુમાનજી મંદિર ખાતે આવતીકાલે કાળી ચૌદશના દિવસે શ્રધ્ધાળુ ભકતો દ્વારા ડભોડિયા દાદાને પાંચ હજાર કિલો તેલનો ભવ્ય અભિષેક કરાશે. આજે રાત્રે ૧૨.૦૦ વાગ્યાથી કાળીચૌદશની શરૂઆત થઇ જશે એટલે, ધનતેરસની રાત્રે જ ૧૨.૦૦ વાગ્યે દાદાની ૧૦૮ દિવાની ભવ્ય મહાઆરતી ઉતારવામાં આવી હતી. કાળીચૌદશની દાદાની આરતીનું અનન્ય મહાત્મ્ય અને ચમત્કાર હોઇ લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુ ભકતો ડભોડિયા હનુમાનજી ખાતે ઉમટશે. આ જ પ્રકારે સાળંગપુર ખાતેના કષ્ટભંજન દેવ મંદિર ખાતે પણ આવતીકાલે કાળીચૌદશ નિમિતે સમૂહયજ્ઞ પૂજન, મહાઆરતી સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે કષ્ટભંજન દેવની પ્રસાદીની લાકડીનો ભવ્ય અભિષેક કરવામાં આવશે કે જેનું ખૂબ મહાત્મ્ય છે.

ગાંધીનગર જિલ્લાના સુપ્રસિધ્ધ ચમત્કારિક અને એક હજાર વર્ષથી પણ વધુ પૌરાણિક એવા ડભોડિયા હનુમાનજી મંદિર ખાતે આજે ધનતેરસના પવિત્ર દિવસથી મેળાની શરૂઆત થઇ ગઇ હતી, જે આવતીકાલે કાળીચૌદશની રાત્રે ૧૨ વાગ્યે પૂર્ણ થશે. આ મેળામાં લાખો શ્રધ્ધાળુઓ ભાગ લે છે. આજે રાત્રે ૧૨.૦૦ વાગ્યાથી કાળીચૌદશની શરૂઆત થઇ જશે એટલે, ધનતેરસની રાત્રે જ ૧૨.૦૦ વાગ્યે દાદાની ૧૦૮ દિવાની ભવ્ય મહાઆરતી ઉતારવામાં આવી હતી. ધનતેરસની રાત્રે થતી કાળીચૌદશની દાદાની થતી આ મહાઆરતીનું અનેરૂ મહાત્મ્ય હોઇ તેમાં લાખો શ્રધ્ધાળુ ભકતો ઉમટયા હતા. તો, આવતીકાલે કાળી ચૌદશના દિવસે શ્રધ્ધાળુ ભકતો દ્વારા ડભોડિયા દાદાને પાંચ હજાર કિલો તેલનો ભવ્ય અભિષેક કરાશે. ધનતેરસની રાત્રિના ૧૨ વાગ્યાથી કાળીચૌદશના રાતના બાર વાગ્યા સુધી ડભોડિયા દાદાનું મંદિર સતત મંદિર ખુલ્લુ રખાશે કે જેથી ગુજરાત સહિત દેશ-વિદેશમાંથી આવતા શ્રધ્ધાળુ ભકતો દાદાના દર્શનનો લાભ લઇ શકે. આ જ પ્રકારે સુપ્રસિધ્ધ સાળંગપુર કષ્ટભંજન દેવ ખાતે પણ આવતીકાલે કાળીચૌદશ નિમિતે વહેલી સવારે પાંચ વાગ્યે દાદાની ભવ્ય આરતી, સવારે ૭-૦૦ વાગ્યે સમૂહ યજ્ઞ પૂજન, ૯-૦૦ વાગ્યે દાદાની પ્રસાદીની લાકડીનો ભવ્ય અભિષેક અને ૧૧-૩૦ વાગ્યે દાદાનો ભવ્ય અન્નકુટ યોજાશે. તો શહેરના શાહીબાગ કેન્ટોનમેન્ટ વિસ્તારમાં આવેલા સુપ્રસિધ્ધ કેમ્પ હનુમાનજી મંદિર ખાતે આવતીકાલે કાળીચૌદશન નિમિતે દાદાની ત્રણ આરતીઓ ઉતારવામાં આવશે., જેમાં સવારે ૬-૩૦ વાગ્યે દાદાની ભવ્ય આરતી, સવારે ૭-૩૦ વાગ્યે બીજી આરતી અને રાત્રે ૧૨-૦૦ વાગ્યે દાદાની મહાઆરતી ઉતારવામાં આવશે. જયારે આવતીકાલે સવારે ૮થી ૧૦ દરમ્યાન સામૂહિક હનુમાનચાલીસા અને સુંદરકાંડના પાઠનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

સે-૪/બીમાં ડ્રેનેજના પ્રશ્ને કોર્પોરેટરે તંત્રને પત્ર લખ્યો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના સેકટર-૪ બી માં છેલ્લા પંદર દિવસથી વસાહતીઓને ગટરનો પ્રશ્ન સતાવી રહ્યો છે. ગટર ચોકઅપ થઈ જતા સ્થાનિક વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા છે. ગટરોના ગંદા પાણી માર્ગો પર ફરી વળતા ગંદા પાણીના તળાવો ભરાય છે. તેમ છતા સ્થાનિક વસાહતીઓએ સે-૩ ડ્રેનેજ ઈન્ક્વાયરીમાં અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરી છતા તંત્રના બહેરા કાને નાગરીકોની રજુઆત સંભળાતી નથી. ત્યારે ગટરના પ્રશ્નનો યોગ્ય નિકાલ ન આવતા વોર્ડ નં-૮ ના સ્થાનિક કોર્પોરેટર પ્રવિણાબેન વોરાએ સેકટર-૩ ડ્રેનેજ કચેરીના સેકશન ઓફિસરને પત્ર લખીને સે-૪ બી ગટર ચોકઅપનો પ્રશ્ન તાત્કાલીક અસરથી હલ કરવા રજુઆત કરી છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાય સમયથી ગટરોના ધાંધીયા ઉભા થયા છે. જેમાં ડ્રેનેજ સુવિધા તંત્ર દ્વારા વખતો વખત વિતવા છતા ધ્યાન સુધ્ધા અપાતું નથી. ગટરોના ગંદા પાણી ભરાઈ રહેતા મચ્છરોના ઉત્પતિ સ્થાન બને છે. જેથી સ્થાનિક રહીશોના આરોગ્ય સામે પણ ઝોખમ ઉભુ થાય છે.ત્યારે સેકટર-૪ બી ખાતે છેલ્લા પંદર દિવસથી ગટરનો પ્રશ્ન વસાહતીઓને સતાવી રહ્યો છે. ગટર ચોકઅપ થતા ગંદા પાણી માર્ગો પર ફરી વળતા નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠે છે. સે-૩ ડ્રેનેજ સુવિધામાં લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા કોઈ પરિણામ ન આવતા આખરે વસાહતીઓએ સ્થાનિક કોર્પોરેટર પ્રવિણાબેન વોરાને રજુઆત કરતા તેઓએ આ અંગે તાત્કાલીક અસરથી યોગ્ય કરવા ડ્રેનેજ સુવિધા કચેરી અધિકારીને પત્ર લખીને રજુઆત કરી છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલ તારાપુર ગામ ખાતે રાજ્યના મેલેરિયા તંત્ર દ્વારા ૧૫૭૮ ગામવાસીઓને દવાયુક્ત મચ્છરદાનીનું વિતરણ આજે કરવામાં આવ્યું હતું. ઉવારસદ પ્રા.આ. કેન્દ્રમાં આવેલ આ ગામમાં ગયા વર્ષે નોંધાયેલ કેસોના ગુણોત્તરને ધ્યાન રાખી સરકાર દ્વારા આ વિતરણ કરવામાં આવ્યું છે. રાજ્યાંતે ૨૦૨૨ સુધીમાં મેલેરિયા મુક્ત ગુજરાત બનાવવાનો ગોલ નિયત કરેલ છે. જિલ્લામાં મેલેરિયાના કેસોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે અને સ્ત્રે મુક્ત જિલ્લો પણ બન્યો હતો પરંતુ ગત વર્ષે માધવગઢમાં વસ્તીના પ્રમાણમાં જણાવેલ કેસોની ગુણોત્તરને પગલે દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. જ્યારે તારાપુર ગામે દવાયુક્ત મચ્છરદાનીનું આજે તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. ત્રિવેદી, મેલેરિયા અધિકારી મમતાબેન દત્તાણી અને અધિકારીઓએ મચ્છરદાનીનું વિતરણ કર્યુ હતુ.

ધનતેરસે શહેરીજનો દ્વારા વાહનોની ખરીદીમાં ઉછાળો

આ સાથે સાથે સોના-ચાંદીના બજારમાં પણ મોટા પાયે ઘરાકી જોવા મળી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં આજે ધનતેરસના પર્વે બજારોમાં ભારે તેજી જોવા મળી હતી અને શહેરમાં સોના-ચાંદી ઉપરાંત વાહનોની ખરીદી મોટા પ્રમાણમાં થવા પામી હતી. આજે ધનતેરસનું પવિત્ર પર્વ હોવાથી ખાસ

કરીને વાહન ખરીદી માટે ઓટોમોબાઈલ્સ શૉ રૂમ પર રીતસર લાઈનો જોવા મળી રહી હતી.

શહેરીજનોએ આજે માત્ર ટુવ્હીલટર્સ જ નહી પરંતુ ફોર વ્હીલર વાહનોમાં પણ ખરીદી મોટા પાયે કરી હતી. ગાંધીનગરના હ્યુન્ડાઈ કંપનીના ઓથોરાઈઝ્ડ શૉરૂમ પંજાબ હ્યુન્ડાઈના જનરલ મેનેજર ધર્મેશભાઈ શાહે જણાવ્યું હતું કે 'આજે ધનતેરસના પર્વે અમે ૭૦ કારની ડિલીવરી કરી હતી. આજના શુભ દિવસે ગ્રાહકો વાહન ખરીદી માટે આગ્રહ રાખે છે અને ગાંધીનગરમાં સ્મોલ કારથી માંડીને એસયુવી કાર સુધીના તમામ ગ્રાહકો ઉપલબ્ધ છે.'' શહેરમાં નગરજનોએ વાહનો ઉપરાંત ઓના ચાંદીના ઘરેણાંની પણ મોટા પાયે ખરીદી કરી હતી. આજના પર્વથી બજારમાં દિવાળીનો માહોલ જામતા વેપારી વર્ગમાં આનંદનું મોજુ પ્રસરેલુ જોવા મળ્યું હતું.

દહેગામ નગરપાલિકાનું ૧૫૦ લાખના ખર્ચે નવનિર્મિત નગર સેવા સદનનું લોકાર્પણ કરાયું

દહેગામ નગરપાલિકા દ્વારા વેબસાઇટનો પણ આરંભ કરાયો

ગાંધીનગર, તા.૧૭

દહેગામ નગરપાલિકાનું રૂપિયા ૧૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલા નગર સેવા સદનનું આજ રોજ ઔડા ડીરેકટર શ્રી નેલેષભાઇ શાહ અને ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. દહેગામ નગરપાલિકાની વેબસાઈટે પણ ખુલ્લુ મુકવામાં આવી હતી.

દહેગામ નગરપાલિકા દ્વારા નગરપાલિકાના ભંડોળમાંથી દહેગામ નગરપાલિકાની આધુનિક વેબ સાઇટ નાગરિકોની સેવામાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સેવાથી નાગરિકોને નગરપાલિકાની વિવિધ સેવાના ફોર્મ ઓનલાઇન ઉપલબ્ધ થશે. નગરમાં આવેલી અગત્યની સરકારી કચેરીઓ, જાહેર ઉપયોગી સંસ્થાઓના સરનામા, ફોન નંબર તથા અન્ય માહિતી ઉપલબ્ધ થશે. આગામી સમયમાં વેબસાઇટથી નાગરિકો પોતાનો ટેક્ષ તથા અન્ય સેવાનું ઓનલાઇન પેમેન્ટ કરી શકે, તેવી સેવાનો પણ આરંભ કરવામાં આવનાર છે.

આ પ્રસંગે દહેગામ નગરપાલિકા પ્રમુખ શ્રીમતી સરલાબેન કમલેશભાઇ અમીન, નગરપાલિકાના કોર્પોરેટર સર્વેશ્રી ધર્મેન્દ્રસિંહ રાઠોડ, ગીતાબેન રાઠોડ, વિમલભાઇ અમીન, ઇનાબેન બ્રહ્મભટ્ટ, પીનાબેન શાહ, રાકેશભાઇ રબારી અને ચીફ ઓફિસર શ્રી સતીશ પટેલ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

નરેન્દ્ર મોદીએ વિકાસ કર્યો હોય તો ગુજરાતમાં ૨૭૧૮ ખેડૂતોએ આત્મહત્યા કેમ કરી ? કોંગ્રેસ

ખેડૂતોની સરેરાશ આવકમાં ૧૨માં ક્રમે રહેલાં ગુજરાતમાં ૪૨.૬ ટકા ખેડૂતોને ૧૬.૭૪ લાખનું દેવું છે છતાં ટેકાના ભાવ પણ મળતા નથી : ડો. હિમાંશુ પટેલ

અમદાવાદ, તા. ૧૭

વિકાસ અને સુજલામ્ સુફલામની વાતો કરતા નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં છેલ્લાં બે દશકા દરમિયાન વિકાસ કર્યો હોત તો ભાજપનાં શાસનમાં ૨૭૧૮ ખેડૂતોને આત્મહત્યા કરવાનો વારો આવ્યો ના હોત એમ જણાવતાં કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે ઉમેર્યું છે કે, ખેડૂતોની સરેરાશ માસિક આવકમાં દેશમાં ૧૨મો ક્રમ ધરાવતાં ગુજરાતમાં ખેડૂતોની માત્ર રૂ. ૭૯૨૬ માસિક આવક સામે ૪૨.૬ ટકા ખેડૂતોને પરિવાર દીઠ રૂપિયા ૧૬.૭૪ લાખનું દેવું છે.

કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકાસનાં કરેલાં પોકળ દાવાને પરંપરાગત જુઠ્ઠાણાં ગણાવતાં જણાવ્યું છે કે, જો નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં વિકાસ કર્યો હોત તો ૨૭૧૮ ખેડૂતોએ આપઘાત કર્યા ના હોત... ક્રાંતિ નામની સંસ્થાને રાજયનાં પોલીસ મહાનિર્દેશકે આર.ટી.આઈ.માં આપેલી વિગતો પ્રમાણે તા. ૧-૧-૨૦૦૩થી તા. ૩૦-૧૦-૨૦૦૭ દરમિયાન રાજયનાં ૨૪૭૯ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. જ્યારે તા. ૧-૧-૨૦૦૮થી તા. ૧૮-૮-૨૦૧૨ દરમિયાન ૧૫૨ અને તા. ૧-૧-૨૦૧૩ થી તા. ૧-૬-૨૦૧૬ દરમિયાન ૮૭ ખેડૂતોએ ભાજપ સરકારની ખેડૂત અને કૃષિ વિરોધી નીતિનાં કારણે આર્થિક ભીંસમાં જીવનલીલા સંકેલવી પડી છે. જો મોદી શાસનમાં વિકાસ જ થયો હોત તો ગુજરાતમાં ખેડૂતોની સરેરાશ માસિક આવક માત્ર રૂ. ૭૯૨૬ જ કેમ છે ? ભારત સરકારનાં જ રીપોર્ટ પ્રમાણે ખેડૂતોની સરેરાશ માસિક આવકમાં ૧૨મો ક્રમ ધરાવતા ગુજરાતની સામે પંજાબ (રૂ. ૧૮૦૫૯), હરિયાણા (રૂ. ૧૪૪૩૪), અરૂણાચલ (રૂ. ૧૦૮૬૯), કેરળ (રૂ. ૧૧,૮૮૮) અને કર્ણાટક (રૂ. ૮૮૩૨) ઘણાં જ આગળ છે.

ખેડૂતો મારૂતિ ફેરવશે અને નળમાં તેલ આવશે એવી ગુલબાંગો હાંકનાર મોદી શાસનમાં જ ગુજરાતનાં ૪૨.૬ ટકા ખેડૂતોમાં પરિવારદીઠ રૂ. ૧૬.૭૪ લાખનું દેવું છે. જેમાં એક હેક્ટરથી ઓછી જમીન ધરાવતાં પરિવારનાં માથે સરેરાશ દેવું રૂ. ૪૩,૬૦૦ છે. તો બે થી ચાર હેક્ટર જમીનવાળાં પરિવારનાં માથે સરેરાશ રૂ. ૮૨,૬૦૦ અને ૧૦ હેક્ટરથી ઓછી જમીનવાળાં પરિવારને તો સરેરાશ રૂ. ૧,૬૨,૪૦૦નું દેવું છે. લોકસભાની ચૂંટણીમાં ખેડૂતોની આવક બમણી કરવાનાં બણગાં ફૂંકનાર નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યાં પછી છેલ્લાં બે વર્ષમાં ગુજરાતનાં ખેડૂતોની કુલ આવકમાં રૂ. ૩૩૪૫ કરોડનો ઘટાડો થયો છે. એ જ રીતે લોકસભાની ચૂંટણીમાં ખેડૂતોને પાક તૈયાર કરવાનાં કુલ ખર્ચ ઉપરાંત ૫૦ ટકા નફા સાથે ટેકાનો ભાવ આપવાનું જણાવનાર નરેન્દ્ર મોદીએ આ પ્રમાણે ટેકાનાં ભાવ વધાર્યા હોત તો એકાદ રાજ્યનું પણ ઉદાહરણ બતાવે... સુજલામ્ સુફલામ યોજના અને તાડપત્રીમાં થયેલા ભ્રષ્ટાચારનાં અહેવાલ પણ વિધાનસભામાં નહીં મુકવા દેનાર વડાપ્રધાન પોતે જ જાણે છે કે, સુજલામ્ સુફલામ યોજનાથી ખેડૂતોને કે મળતીયાઓને કેટલો લાભ થયો છે.

ચાણસ્મા, રાધનપુર, હારીજ અને માણસા નગરપાલિકા વોર્ડની રચના

ગાંધીનગર, તા. ૧૭

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યના પાટણ જિલ્લાની ચાણસ્મા, રાધનપુર અને હારીજ તેમજ ગાંધીનગર જિલ્લાની માણસા નગરપાલિકાના વોર્ડોની રચના, સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણીના આખરી આદેશો બહાર પાડવામાં આવ્યા છે.

રાજ્ય ચૂંટણી આયોગની યાદીમાં જણાવ્યાનુસાર અગાઉ આયોગ દ્વારા નગરપાલિકાની ચૂંટણીઓ માટે શહેરના વોર્ડોની રચના, સિમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના મુસદારૂપ આદેશો જારી કરવામાં આવ્યા હતા. તે સંદર્ભે રાજ્ય ચૂંટણી આયોગને મળેલ જાહેર જનતાના સૂચનોનો કાળજીપૂર્વક અભ્યાસ કરી તેમજ માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શમાં થયેલ સૂચનોનો પણ કાળજીપૂર્વક અભ્યાસ કરી વોર્ડોનું સિમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતોના નિયમો હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે જાહેર કરેલ માપદંડની મર્યાદામાં રહીને બહાર પડાયેલ પ્રાથમિક આદેશને આખરી કરવાનું ઠરાવ્યું છે.

પ્રદેશ માળખામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાથે આ જાહેરાત કરવામાં આવી છે. પ્રદેશના અન્ય હોદ્દેદારોમાં જયપ્રકાશ ઠાકર, રણજીતસિંહ ધિલ્લોન, યજ્ઞેશ દવે, ડૉ. જયદીપસિંહ ડોડિયા, કપીલભાઈ શાહનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. હવે જિલ્લા યુનિટોની રચના ટુંકમાં જ કરાશે અને સમયાંતરે તેની જાહેરાત કરાશે.

પરમાણુ યુદ્ધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કિમ જોંગ ઉનને મારી નાંખવા માટે અમેરિકી સિક્રેટ ઓપરેશન ઉપર પણ ચર્ચા કરી હતી અને કહ્યું હતું કે, આ બાબત ખુબ જ ખતરનાક છે. કિમે કહ્યું હતું કે, આ વર્ષે ઉત્તર કોરિયાએ ન્યુક્લિયર ફોર્સ તૈયાર કરી લીધી છે અને તે સંપૂર્ણપણે પરમાણુ સક્ષમ દેશ તરીકે છે. તેની પાસે તમામ પ્રકારના ઘાતક બોંબ છે જેમાં એટોમ બોંબ, હાઈડ્રોજન બોંબ અને બેલાસ્ટિક રોકેટનો સમાવેશ થાય છે. સમગ્ર અમેરિકા અમારી મિસાઈલની હદમાં આવી શકે છે. જો અમેરિકા અમારા ક્ષેત્રમાં ઘુસણખોરી કરવાના પ્રયાસ કરશે તો કઠોર સજા કરવા માટે અમે તૈયાર છે. કિમે પોતાના ભાષણમાં ઉત્તર કોરિયા અને અમેરિકા વચ્ચે વધતી ધમકીઓ અને સંયુક્ત રાષ્ટ્રના કઠોર પ્રતિબંધની પણ વાત કરીહતી. રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિને સોમવારના દિવસે કહ્યું હતું કે, સંયુક્ત રાષ્ટ્રના પ્રતિબંધ ઉપર ઉત્તર કોરિયાને મદદ ઘટાડાઈ છે.

ચૂંટણી દંગલ... ● ત્રીજા પાનાનું ચાલુ

છે. અહીં પક્ષમાં અંદરોઅંદરની લડાઈ અટકાવવી ભાજપ માટે મોટી ચેલેન્જ બની ગઈ છે. અલબત્ત, પક્ષ જાણે જ છે કે તેના મોટાભાગના મંત્રીઓ અને ધારાસભ્યો વિરૂદ્ધ હાલ સત્તાવિરોધી લહેર ચાલી રહી છે.

ઉમેદવારોનું મૂલ્યાંકન કરવા આવેલ ઓબ્ઝર્વર પૈકી એક કે જેઓ ભાજપના વરિષ્ઠ આગેવાન છે અને પીએમ મોદીની ઘણા નજીક માનવામાં આવે છે તેમણે કહ્યું કે, 'હાલ સિટિંગ ધારાસભ્યો વિરૂદ્ધ તેમના ક્ષેત્રના કાર્યકર્તાઓની ફરિયાદ વધી ગઈ છે અને તેટલી જ વધુ સંખ્યામાં ટિકિટવાંછુઓ પણ વધ્યા છે. પાર્ટીના અંતરંગ સૂત્રો કહે છે કે ભાજપમાં હાલના ૫૫ થી વધુ વર્તમાન ધારાસભ્યોની ટીકીટ કપાશે.

અમદાવાદમાં ગ્રામ્ય વિસ્તારની પાંચ બેઠકોમાં સાણંદ, વિરમગામ, દરસ્ક્રોઇ, ધોળકા અને ધંધુકાનો સમાવેશ થાય છે, જ્યારે શહેરી વિસ્તારમાં ઘાટલોડીયા, વેજલપુર, વટવા, એલિસબ્રીજ, નારણપુરા, નિકોલ, નરોડા, ઠક્કરબાપાનગર, બાપુનગર, અમરાઈવાડી, દરિયાપુર, જમાલપુર, મણીનગર, દાણીલીમડા, સાબરમતી અને અસારવા આવે છે.

ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન અને ઠાકોર સેના-ઓબીસીનો ભાજપ સામેનો વિરોધ સપાટી પર આવેલો છે ત્યારે પાર્ટી આ બન્ને સમાજના યુવા નેતાઓને ટીકીટ આપવા માગે છે જેમાં સિનિયર ધારાસભ્યોના પત્તા કપાઈ શકે છે. પાર્ટીના એક સિનિયર નેતાએ કહ્યું હતું કે આ વખતે કલ્પના પણ નહીં હોય તેવા નવા ચહેરા ચૂંટણીના મેદાનમાં ઉતરશે જેમાં ભાજપના યુવા ચહેરા ઋત્વિજ પટેલ અને અમિત ઠાકરના નામ પણ સામે આવ્યા છે.

હેલ્લો ફ્રેન્ડ્સ! ● ૪ પાનાનું ચાલુ...

પણ અનેરો હતો. હવે તો લોકો રોજ મિષ્ઠાન્ન જમતા થઈ ગયા છે, એટલે તેની કોઈને નવાઈ રહી નથી, પણ તે સમયે સાદી, શુધ્ધ ઘી ની ઘરે બનાવેલી લાપસી, કંસાર, લાડુ, દુધપાક સુખડી, મોહનથાળ, મગસ જેવી સાદી મીઠાઈઓ બનતી અને તે ખાવા ની ઓર મજા હતી. કારણ તે કોઈ સારા પ્રસંગેજ ખાવા મલતી.

બસોના ફટાકડાના પાંચ ભાગ પડે. બે ત્રણ વાર તો ગણવાનો પણ આનંદ આવે. ઘણીવાર દુકાને મોટાં ફટાકડા માત્ર જોવાના બહાને લઈ સ્પર્શનો આનંદ મેળવાતો. સાપોલીયા માત્ર બીજાને ઓટલે બાળી એની ટાઈલ્સ ખરાબ કરવામાં આવતી. રાત્રે ફોડેલા ફટાકડાં કરતાં સવારે ફુટ્યા વગરનાં ફટાકડા વીણવાનો આનંદ વધુ મળતો. અલબત્ત, ખમતીધર આસામીઓ મોટા ધડાકા થાય તેવા લક્ષ્મિછાપ ટેટા અને એટમબોમ્બ પણ ફોડતા, મારા ઘરની સામે એક બંગલાના રહેવાસીઓ ચારદિવસ ઘણા અને ભારે ફટાકડા ફોડતા પણ જાતે નહી, ફટાકડા ફોડવા તેઓ ખાસ માણસોને રાખતા, એટલે ફટાકડા ફોડવાનો ખરો આનંદ તો એ માણસોજ ઉઠાવતા, ઘરના બાળકો કિશોરો તો માત્ર હર્ષધ્વનિજ કરતા, અને તેમણે જ ફટાકડા ફોડ્યા હોય એવો આનંદ મનાવતા, . એક વડિલ હંમેશા કહે તા, કે ફટાકડા માટે આપણે ખર્ચ નહી કરવાનો, બીજા ફોડે ત્યારે આપણે હો હો કરવાનુ..! ફટાકડામાં તો તેના અવાજ અને અજવાળાનું જ મહત્વ છે, તે કોણ ફોડે છે તે અગત્ય નુ નથી, અવાજ થાય ત્યારે આપણને પણ સંભળાવાનોજ છે, પછી આપણે શામાટે પૈસા ખર્ચવા...!વડિલ ની વાત ભલે હળવાશમાં કહેવાઈ હોય એમાં રહેલુ સત્ય ઉવેખી શકાય ખરુ..?

એ સમયની દીવાળી ની રજાઓ, મિત્રોનો સાથ, સાદા અને સસ્તા પોટાશના ફટાકડાઓ,દિવસના ભાગે રખડપટ્ટીઅને ગપ્પાબાજી અને સાંજ પડે એટલે ફટાકડા, એજ ક્રમ બની રહેતો, મોટાભાગે કોઈ બહારગામ દીવાળી કરવા જતું નહી, એટલે ગામમાંજ મિત્રોના ઝમેલા વચ્ચે વેકેશન કોઈ ફરિયાદ વીના પસાર થઈ જતું... રાત્રે બજારમાં આવેલી ચા ની 'હોટલ' ના પાનના ગલ્લે વાગતા રેડિઓ પર બીનાકા ગીતમાલા સાંભળવા ની તાલાવેલી રહેતી, પાનવાળો રેડિઓ બંધ કરે તો બીજી દુકાને જઈ ને બેસવાનુ, આખી સળંગ ગીતમાલા સાંભળવાનુ સદભાગ્ય કોઈક વાર જ મળતુ... એ સમયે રેડિઓ બહુ થોડા ઘરોમાંજ જોવા મળતો પણ એમ કોઈના ઘરે રેડિઓ સાંભળવા જવાય નહી, કોઈ ને રોજરોજ તે ગમે પણ નહી, એટલે બજારના સાર્વજનિક રેડિઓ પરજ આધાર રાખવો પડતો...

સામેના બંગલામાં રેડિઓ, રેડિઓગ્રામ, ગ્રામોફોન જેવા સાધનો હતા. તેમના ઘરમાં બીનાકાગીતમાલા નો અવાજ આવતા અમે તેમના ઘરબહાર ની ફુટપાથ પાસે જઈ ને તે સાંભળવા કોશિષ કરતા, પણ તેમનું ધ્યાન જતાજ તેઓ વોલ્યુમ ધીમુ કરી નાખતા, માલિકીભાવ આટલો પ્રચંડ રહેતો, આપણી ચીજ નો લાભ મફતમાં બીજાઓ કેમ લઈ જાય...! આવો એક સ્વાભાવિક વિચાર બધાને આવતો અને એમાં ખાસ કાંઈ માઠુ પણ લાગતુ નહી...

દીવાળી બહુ સાદી અને સરળ હતી, ઘરમાં ચોળાફળી, મઠીયા, ઘુઘરા, જેવા વ્યંજનો બનતા તેની મજા માણવામાં દીવાળી વેકેશન કોઈ ફરિયાદ વીના પસાર થતું, મિત્રો નો સંગાથ છોડી ને બહારગામ જવાનું કોઈ પસંદ ન કરતા, તેમછતા કોઈ મિત્રો વેકેશનમાં બહારગામ રહી આવે તે પછી તે શહેરમાં જોવા જેવા સ્થળોની, નવી જોયેલી ફિલ્મોની, અને શહેરમાં કરેલી મજાની વાતો કરી ને અમને આંજી નાખવા પ્રયત્ન કરતો પણ તેને બહુ મહત્વ આપવામાં આવતું નહી..!

દરેક યુગમાં આપણને પાછળનો યુગ વધુ સારો લાગતો હોય છે, એ સમયે ઓછી જરુરિયાતથી અને ઓછી આવક થી આપણે માનસિક રીબામણી અનુભતા , આજે એ જ સમય ને યાદ કરીયે તો એક સુવર્ણયુગ પસાર થઈ ગયો હોય એવુ લાગે છે..! સોશિયલ મીડિયાને કારણે આજે વાસ્તવિક ઓછી અને કાલ્પનિક દીવાળી વધુ ઉજવાય છે.બધી સમય સમયની બલિહારી છે.!!

ચૂંટલો : ફટાકડાં, દીવડા અને ઝગમગ રોશની. આપ સૌને અનેરી દિવાળીની વધામણી. આ ફટાકડાં એટલે અંતરની ખુશીઓની ઉજવણી જોરશોરથી કરવી. આપ સર્વે સ્નેહી મિત્રોના જીવનમાં એટલી ખુશીઓ અને સફળતા આવે કે અમારા હાથની તાળીઓના ગડગડાટનો અવાજ દિવાળીમાં ફટાકડાની ૧૦૦૦૦ ની લૂમ કરતાંય મોટો આવે. તમારાં ભાગ્યનું રોકેટ ચાંદ ને સ્પર્શે. આપણી સમજણથી આપણી આસપાસ ના વાતાવરણને ઝગમગાવીએ એ જ છે દિવાળીની ખરી ઉજવણીપ આપ સર્વે મિત્રોને દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ !

ઈનામ આપ્યું નથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકાર વિસરી ગઈ છે. ગાંધીનગરના જી આઈ ડી સી ને ગત મેં મહીનામાં સ્વચ્છતાના મામલે ત્રીજા ક્રમે જાહેર કરવામાં આવી હતી. સાણંદના આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીની જાહેરાતના અંતે ૬ મહીના જેટલો સમય વિતી ગયા બાદ પણ જી આઈ ડી સી એન્જિનિયરીંગ કોમ્પલેક્ષ એસોસિએશનને ઈનામ એનાયત કરવામાં આવ્યુ નથી. જો કે સરકારની આ નિતી પરથી જ સ્વચ્છતા ના મામલે સરકાર કેટલી ગંભીર અને સજાગ છે તેનો પણ સ્પષ્ટ ખ્યાલ આવતો હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. જી આઈ ડી સીને માળખાગત સુવિધા માટે ફંડ પણ આપવામાં આવ્યુ નથી. આ સ્થિતિ વચ્ચે ત્રસ્ત ઉદ્યોગકારોએ ચુંટણીનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે.

ગાંધીનગરની સે-૨૮ જી આઈ ડી સીમાં વર્ષોથી પડતર પ્રશ્નોનો નિકાલ ન આવતા સ્થાનિકો ત્રાહીમામ પોકારી ગયા છે. છેલ્લા સાડા ત્રણ દાયકાથી ધમધમતી સે-૨૮ જી આઈ ડી સી માં ૨૫૦ થી વધુ ઉદ્યોગો કાર્યરત છે. ડ્રેનેજ લાઈન , રસ્તા અને પાણીને લગતી સમસ્યાઓનો પણ અનેક રજુઆતના અંતે નિકાલ થયો નથી. ડ્રેનેજ લાઈનમાં પણ ગટરો ઉભરાતી હોવાના લીધે અસહ્ય દુર્ગંધ ફેલાય છે. જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં યોજાતી બેઠકોના અંતે પણ આજદિન સુધી એસોસિએશનના પ્રશ્નોનો નિકાલ આવ્યો નથી પરંતુ માત્ર ચા કોફી પી ને પરત થવાનો વારો આવે છે. આ વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી સ્ટ્રીટ લાઈટો પણ ડુલ રહે છે. સેકટરોમાં પેવર બ્લોક નાંખવાનુ કામ થાય છે. તે મુજબ જી આઈ ડી સી એસ્ટેટમમાં પણ પેવર બ્લોકનુ કામ હાથ ધરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે. રખડતા ઢોર પકડવા માટે પણ કોઈ કામગીરી થતી નથી. સફાઈ થતી નથી અને મ્યુનિ કમિશ્નર દ્વારા વેરો ઉઘરાવવા માટે પઠાણી ઉઘરાણી કરવામાં આવે છે. જી આઈ ડી સી વિસ્તારમાં ટ્રાફિક હળવો થાય તે માટે પણ વ્યવસ્થા કરવામાં આવતી નથી. સે-૨૮ જી આઈ ડી સી ને ગત મેં મહીનામાં સાણંદ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીના હસ્તે સ્વચ્છતાના મુદ્દે ત્રીજા ક્રમે ઈનામ એનાયત કરવામાં આવ્યુ હતુ. પરંતુ ઈનામની રકમ પ